# પાલમાં દબાણો હટાવી ખુલ્લો કરાયેલો માર્ગ ફરી બંધ કરી દેવાયો

**ગામતળના** જાહેર માર્ગ પર ગેરકાયદે દિવાલ ઊભી કરાઈ હતી, જેને કલેક્ટરના આદેશથી તોડી પાડવામાં આવી હતી

### કલેક્ટરે સ્થગિત કરાવેલા કામમાં ફરી માર્ગ બંધ રાખવાનો પ્રયાસ કરાયો

આ અંગે ફરી કલેક્ટરને જાણ કરતાં તેમણે તાત્કાલિક કાર્યવાહી કરી કામ સ્થગિત કરાવ્યું હતું. તેમ છતાં, કેટલાક સ્થાનિકો દ્વારા વિસંગત નકશાઓના આધારે ફરીથી વાંધા-અરજીઓ કરી માર્ગ બંધ રાખવાનો પ્રયાસ ચાલુ હોવાનું જણાવાયું છે. વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે કેટલાક લોકોએ મીડિયા સમક્ષ ખોટી માહિતી આપી કલેક્ટર કચેરીના અધિકારીઓને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે.

સુરતઃ સુરતના રાંદેર ઝોન વિસ્તારમાં જાહેર માર્ગને લઈને ગંભીર વિવાદ ઊભો થયો છે. રાંદેર ઝોનના અધિકારીઓએ કલેક્ટરના હુકમોની અવગણના કરી સત્તાનો દુરુપયોગ કર્યાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. આ મામલે સ્થાનિકોએ પ્રેસનોટ જાહેર કરીને આક્ષેપો કર્યા છે.

ટીપી-૧૫ (પાલ) એફપી-૧૩૯ના નોકીલા ભાગને લઈને વર્ષોથી વિસંગતતા ચાલી રહી છે. સિટી સર્વેના 1987ના નકશામાં દર્શાવાયેલા ગામતળના જાહેર માર્ગ પર કેટલાક સ્થાનિકોએ ગેરકાયદેસર દબાણ કરી દીવાલ, હીંચકો અને બાંકડા મૂકી માર્ગ બંધ કરી દીધો હતો. આ મુદ્દે અન્ય સ્થાનિકોએ "જિલ્લા સ્વાગત કાર્યક્રમ" હેઠળ ફરિયાદ નોંધાવતા કલેક્ટરે તમામ પક્ષોને સાંભળી, સરકારી દસ્તાવેજોની ચકાસણી કરી તા. ૩૦ જુન ૨૦૨૫ અને ૨૨ જાન્યુઆરી ૨૦૨૬ ના હુકમો દ્વારા દબાણ દૂર કરવાનો નિર્દેશ આપ્યો હતો. સાથે જ સિટી સર્વે સુપરિન્ટેન્ડન્ટને માપણી અને કાર્યપાલક ઈજનેરને દબાણ દૂર કરવાની જવાબદારી સોંપાઈ હતી. કલેક્ટરના આદેશ મુજબ માપણી અને સંયુક્ત ડિમાર્કેશન બાદ દબાણ દૂર કરીને જાહેર માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો હતો. પરંતુ અખબારી યાદીમાં કરાયેલા આક્ષેપો મુજબ, આ કામગીરીના માત્ર બેથી ત્રણ કલાકમાં જ રાંદેર ઝોનના અધિકારીઓએ દબાણકર્તાઓ સાથે મળીને ફરીથી દીવાલ ઊભી કરી માર્ગ બંધ કરાવી દીધો હતો. સ્થાનિકોએ માંગણી કરી છે કે આ જાહેર માર્ગને તાત્કાલિક દબાણમુક્ત કરી ફરી ખુલ્લો મુકવામાં આવે તેમજ જવાબદાર અધિકારી સામે કડક કાર્યવાહી કરવામાં આવે. આ અંગે તા. 23 માર્ચ 2026ના રોજ લેખિત અને રૂબરૂ રજૂઆત સાથે પુરાવા પણ સોંપવામાં આવ્યા હોવાનું જણાવાયું છે.

# વેપારીની 5 કરોડની મિલકત પડાવનાર લેડી ડોન ઝડપાઈ

**વેપારીને** મુંબઈમાં નશીલું પીણું પીવડાવી નિર્વસ્ત્ર વિડીયો બનાવી દેવાયો હતો

સુરત : સુરતના એમ્બ્રોઈડરીના વેપારીને પ્રેમજાળ અને નશીલા પીણાના સહારે મુંબઈમાં ફસાવી તેની પાસેથી રૂપિયા 5.04 કરોડની પ્રોપર્ટી પડાવી લેનાર ગેંગની મુખ્ય સાગરીત આશા હિરપરાને પાંડેસરા પોલીસે રાજકોટથી દબોચી લીધી છે. લેણી રકમ ચૂકવવી ન પડે તે માટે રચાયેલા આ માયાજાળના કાવતરામાં પોલીસે અત્યાર સુધીની તપાસમાં અનેક ચોંકાવનારા ખુલાસા કર્યા છે.

વેસુ વિસ્તારમાં રહેતા અને એમ્બ્રોઈડરી જોબવર્ક સાથે સંકળાયેલા વેપારી મનોજ ગોંડલીયાને આરોપી ધવલ અકબરી પાસેથી વેપારના રૂપિયા 2.28 કરોડ લેવાના નીકળતા હતા. ધવલ આ રકમ ચૂકવવા માંગતો ન હોવાથી તેણે તેના સાગરીતો સાથે મળી મનોજભાઈને ફસાવવા મુંબઈમાં હનીટ્રેપનું જાળ બિછાવ્યું હતું. મુંબઈ બોલાવી વેપારીને કેફી પીણું પીવડાવી બેભાન જેવી હાલતમાં કરી દેવાયા હતા. ત્યારબાદ એક અજાણી સ્ત્રી સાથે તેમને નિર્વસ્ત્ર કરી વિડીયો ક્લિપ ઉતારી લેવામાં આવી હતી. આ વાંધાજનક વિડીયો ઉતાર્યા બાદ ધવલ અકબરી અને તેની ટોળકીએ અસલી રૂપ ધારણ કર્યું હતું. તેમણે વેપારીને આ વીડિયો વાયરલ કરવાની અને બળાત્કારના ખોટા કેસમાં જેલ ભેગા કરવાની ધમકી આપી બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું. બદનામીના ડરે ફફડી ગયેલા વેપારી પાસેથી આ ગેંગે કામરેજ, બારડોલી અને વેસુ વિસ્તારમાં આવેલી કુલ રૂપિયા 5.04 કરોડની મિલકતો પોતાના નામે કરાવી લીધી હતી. આખરે હિંમત ભેગી કરી વેપારીએ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ હનીટ્રેપ કાંડમાં લાંબા સમયથી ફરાર આરોપી આશા મનસુખ હિરપરા ઉર્ફે પટેલ (રહે. પાસોદરા, કામરેજ અને મૂળ રાજકોટ) પોલીસને થાપ આપી રહી હતી. પાંડેસરા પોલીસે ટેક્નિકલ સર્વેલન્સના આધારે બાતમી મેળવી આશાને રાજકોટના મવડી વિસ્તારમાંથી ઝડપી પાડી હતી.

# સમન્સ બજાવવામાં મોડું કરનાર ડીસીબી પીઆઈને કોર્ટની નોટીસ

**આરોપી** વિદેશમાં રહેતો હોવાથી તેને સમન્સ બજાવી શકાય નહીં : નયન સુખડવાલા

### વોરન્ટ બજવણી માટે કાયદાકીય પ્રક્રિયા નિર્ધારિત: ડીજીપી નયન સુખડવાલા

સુરતઃ ભારતીય નાગરીક સુરક્ષા સહિતા,૨૦૨૩ની કલમ ૧૧૦(૨)ની જોગવાઈ મુજબ ભારતની બહાર કોઇ દેશમાં અથવા સ્થળે, જેના સંબંધમાં, આવા દેશ અથવા સ્થળની સરકાર કેંદ્ર સરકારે, ફોજદારી બાબતો ( જેનો આ કલમમાં હવે પછી કરાર કરેલા રાજ્યો તરીકે ઉલ્લેખ કર્યો છે કે તે) ના સંબંધનાં સમન્સ અથવા વોરન્ટ બજાવવા કે અમલ કરવા માટે વ્યવસ્થા કરી હોય તો,તે આવો સમન્સ અથવા વોરન્ટ, બે પ્રતમાં તેવા નમુનામાં, તેવા ન્યાયાલય, જજ અથવા મેજીસ્ટ્રેટ ફરમાવીને મોકલી શકશે અને કેંદ્ર સરકાર અર્થે જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તે પ્રમાણે રવાનગી માટે તેવા સત્તાધિકારીને મોકલી શકાય તેમ ડીજીપી નયન સુખડવાલાએ જણાવ્યું હતુ.

સુરતઃ લિંબાયત પોલીસ સ્ટેશનનાં આઈપીસીની કલમ ૩૦૭ (હત્યાનો પ્રયાસ)ગુનાના આરોપી મોહમ્મદ રિયાઝુદ્દીન શેખ સામે સુરતના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સમક્ષ ચાલી રહેલી ટ્રાયલ દરમિયાન આ કામનાં સાહેદસાક્ષી સામે કોર્ટ દ્વારા સમન્સ ઈસ્યુ કરાયો હતો. જે તે સમયે આ સાહેદસાક્ષી સુરતમાં વસવાટ કરતા હતા હાલમાં તેઓ ભારત બહાર નેપાળમાં વસવાટ કરે છે. આ સાહેદસાક્ષીને સમન્સની બજવણી માટે ડીસીબી પોલીસને કોર્ટ દ્વારા સમન્સ મોકલવામાં આવ્યો હતો. જેની બજવણી ન થતા કોર્ટે પીઆઇ આર.આઈ. જાડેજાને ખુલાસા માટે નોટિસ મોકલાવી હતી. આ મુદ્દે ડીસીબી પીઆઈ જાડેજા ડીજીપી નયન સુખડવાલાને મળ્યા હતા અને તેમની મારફતે લેખિત ખુલાસો કોર્ટમાં રજૂ કર્યો હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે પ્રથમ આ ગુનો લિંબાયત પોલીસ સ્ટેશનનો છે ડીસીબી અને લિંબાયત પોલીસ સ્ટેશન અલગ અલગ છે. આ ગુનાની તપાસ અમારા મારફતે થઈ નથી આમ છતાં આ સાહેદસાક્ષીની તપાસ કરાવતા મૂળ નેપાળ દેશનો રહીશ છે અને બનાવ સમયે તેઓ ભારતમાં રહેતા હતા. ત્યારબાદ ભારત છોડી નેપાળ ચાલ્યા ગયા છે. કોર્ટના સમન્સમાં પૂર્ણ સરનામું કે મોબાઈલ નંબરનો ઉલ્લેખ નથી આ મુદ્દે ડીજીપી નયન સુખડવાલાએ કોર્ટ સમક્ષ હાજર થઈને સમન્સ અને ડીસીબી પીઆઈને ખુલાસો માંગતી નોટિસ સંદર્ભે રજુઆત કરી દેશની બહાર સમન્સ કે વોરન્ટ બજાવવા માટેની જોગવાઈ ભારતીય નાગરીક સુરક્ષા સહિતા, ૨૦૨૩માં સ્પષ્ટ હોવાનો ઉલ્લેખ કરાયો હતો.

# SDBમાં દુબઈની 2 કંપનીના 1000 કરોડના રફ ડાયમંડનું પ્રદર્શન શરૂ

**દેશ** વિદેશથી 250 બાયર આવ્યા, 270 કરોડના હીરા શોર્ટ લિસ્ટ થયા

સુરત : GJEPC ગુજરાત રિજ્યનના ચેરમેન જયંતિભાઈ સાવલિયાએ જણાવ્યું હતું કે, ઈન્ડિયા રફ ડાયમંડ શો (IRDS) ભારતને રફ ડાયમંડ ટ્રેડિંગ હબ બનાવવા માટેનો એક ખૂબ મોટો અને ઐતિહાસિક પગલું છે.

SDB સુરતમાં 'ઈન્ડિયા રફ ડાયમંડ શો'નો ભવ્ય પ્રારંભ, ભારતને ગ્લોબલ ટેન્ડરિંગ હબ બનાવવાની દિશામાં મોટું પગલું લેવાયું છે. GJEPCની અનોખી પહેલથી રફ હીરાનો સીધો પુરવઠો ભારતમાં MSME ઉત્પાદકોને મળશે વૈશ્વિક બજારમાં સીધી એક્સેસ મળશે. GJEPC દ્વારા સુરતમાં 'ઈન્ડિયા રફ ડાયમંડ શો' (IRDS)નો પ્રારંભ કરવામાં આવ્યો છે. સતત ટેન્ડરિંગ સત્રો દ્વારા આંતરરાષ્ટ્રીય સપ્લાયર્સ અને ભારતીય ઉત્પાદકો વચ્ચે સીધી વ્યવસાયિક જોડાણ સુનિશ્ચિત કરવામાં આવશે.

IRDS ભારતનું પ્રથમ સંરચિત (structured) પ્લેટફોર્મ છે, જે રફ હીરાના ટેન્ડર માટે ખાસ તૈયાર કરવામાં આવ્યું છે. અત્યાર સુધી ભારતીય વેપારીઓને રફ હીરા ખરીદવા માટે વિદેશી ટ્રેડિંગ સેન્ટર્સ પર આધાર રાખવો પડતો હતો, પરંતુ આ પહેલથી સ્થાનિક સ્તરે જ વૈશ્વિક પુરવઠો ઉપલબ્ધ બનશે.

આ પ્રદર્શન દરમિયાન અંદાજે 100 મિલિયન અમેરિકન ડોલર (લગભગ 1,000 કરોડ) મૂલ્યના રફ હીરા વિવિધ ટેન્ડર સત્રોમાં રજૂ થવાના છે. દુબઈની કંપની સ્ટાર જેમ્સ અને કોઈ ઈન્ટરનેશનલ કંપનીઓએ આ વ્યૂઈંગ રાખ્યું છે. જેમાં હીરા સુરતમાં જોઈ શકાશે. અને જ્યારે ઓનલાઈન ટેન્ડર ઈશ્યૂ થશે ત્યારે રફ ઈમ્પોર્ટ દુબઈથી કરવા પડશે.

# સુરત મહાનગરપાલિકા ચૂંટણી-૨૦૨૬ માટે ઉમેદવારોના ખર્ચ-હિસાબ ટીમોની રચના

**રાજ્ય** ચૂંટણી આયોગના માર્ગદર્શનમાં દરેક વોર્ડ માટે અધિકારી-કર્મચારીઓને સોંપાઈ જવાબદારી

સુરતઃ આગામી સુરત મહાનગરપાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૨૬ને ધ્યાનમાં રાખીને ઉમેદવારોના ચૂંટણી ખર્ચના હિસાબો રાખવા અને તેની દેખરેખ માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિશેષ ટીમોની રચના કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના તા. ૧ એપ્રિલ, ૨૦૨૬ના હુકમને અનુસરી આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં ચૂંટણી લડતા દરેક ઉમેદવાર માટે ખર્ચની મહત્તમ મર્યાદા, હિસાબ રાખવાની પદ્ધતિ અને સક્ષમ સત્તાધિકારી સમક્ષ સમયમર્યાદામાં હિસાબ રજૂ કરવાની પ્રક્રિયા અંગે વિગતવાર સૂચનાઓ આપવામાં આવી છે. આ હુકમ મુજબ સુરત મહાનગરપાલિકાના વિવિધ વોર્ડ માટે અલગ-અલગ અધિકારીઓ અને કર્મચારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. કુલ ૧૦ ટીમોની રચના કરવામાં આવી છે, જેમાં હિસાબનીશ, નાયબ હિસાબનીશ અને પેટા હિસાબનીશને સામેલ કરવામાં આવ્યા છે. દરેક ટીમને નિર્ધારિત વોર્ડ ફાળવવામાં આવ્યા છે. જેમાં વોર્ડ નં. ૧ થી ૩૦ સુધીના તમામ વિસ્તારો આવરી લેવામાં આવ્યા છે. ટીમો ચૂંટણી અધિકારીઓ સાથે સંકલન સાધી ઉમેદવારોના ખર્ચના હિસાબો સાચવવા, તપાસવા અને જરૂરી કાર્યવાહી સુનિશ્ચિત કરશે. વહીવટી તંત્ર દ્વારા જણાવાયું છે કે આ વ્યવસ્થા દ્વારા ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા જળવાઈ રહે અને ખર્ચ મર્યાદાનો કડક પાલન થાય તે સુનિશ્ચિત કરવામાં આવશે.

### ઉમેદવારોના ખર્ચ હિસાબ માટે નિયુક્ત ટીમ

1) વાય.બી. સાવળે અને કે.જી. ભંડેરી પેટા હિસાબનીશ તરીકે વોર્ડ ૧૯,૨૬,૨૭ (સિટી પ્રાંત દક્ષિણ)
2) આર.સી. ચૌધરી અને એન.વી. સોલંકી પેટા હિસાબનીશ તરીકે વોર્ડ ૧૦,૨૩,૩૦ (સુડા)
3) આર.એમ. કાયસ્થ હિસાબનીશ તરીકે અને યુ.એસ. ચૌધરી નાયબ હિસાબનીશ તરીકે વોર્ડ ૨,૭,૮ (સિટી પ્રાંત ઉત્તર)
4) વી.કે. જોગરાણા નાયબ અને આર.એમ. ધેવરિયા પેટા હિસાબનીશ તરીકે વોર્ડ ૪,૧૫,૧૮ (જિલ્લા પુરવઠા અધિકારી)
5) વી.ડી. ગોપાણી અને એ.બી. ચૌધરી પેટા હિસાબનીશ તરીકે વોર્ડ ૩,૫,૬ (જમીન સંપાદન શાખા-૪)
6) કે.જે. શાહ નાયબ અને ડી.બી. પટેલ પેટા હિસાબનીશ તરીકે વોર્ડ ૧૨,૧૩,૨૦ (સ્ટેમ્પ ડ્યૂટી વિભાગ-૧)
7) જે.વી. પારેખ નાયબ અને એચ.એચ. સવાણી પેટા હિસાબનીશ તરીકે વોર્ડ ૧૪,૧૬,૧૭ (પ્રોટોકોલ)
8) ડી.કે. દવે નાયબ અને ડી.ડી. કથીરીયા પેટા હિસાબનીશ તરીકે વોર્ડ ૧,૯,૧૧ (સ્ટેમ્પ ડ્યૂટી વિભાગ-૨)
9) જે.એ. લાંગડીયા અને પી.એમ. કપોપરા પેટા હિસાબનીશ તરીકે વોર્ડ ૨૧,૨૨,૨૯ (જમીન સુધારણા)
10) એન.પી. સૈડા અને એમ.આર. વાળા પેટા હિસાબનીશ તરીકે વોર્ડ ૨૪,૨૫,૨૮ (જિલ્લા વિકાસ અધિકારી -

# વોર્ડ નં.20માં આયાતી ઉમેદવારથી ભાજપમાં ભડકો



**સ્થાનિક** કાર્યકરોએ ભાજપ કાર્યાલયે પહોંચીને પ્રતિભાબેન અને રાજેશભાઈને ટિકીટ આપવા સામે વિરોધ કર્યો

સુરતઃ ભાજપ દ્વારા સુરત મનપાની આગામી ચૂંટણી માટે જાહેર કરાયેલા ઉમેદવારોને લઈને વોર્ડ નંબર ૨૦માં તીવ્ર નારાજગી જોવા મળી રહી છે. સગરામપુરા, ખટોદરા અને મજુરા વિસ્તારોને સમાવિષ્ટ આ વોર્ડમાં પાર્ટીના સ્થાનિક કાર્યકરોમાં ભારે રોષ છવાયો છે. આ વોર્ડમાં ભાજપે પ્રતિભાબેન સૌરભભાઈ દેસાઈ અને રાજેશભાઈ નટવરલાલ રાણાને ટિકિટ આપી છે. કાર્યકરોના આક્ષેપ પ્રમાણે પ્રતિભાબેન વોર્ડ નંબર ૨૨માં રહે છે, જ્યારે રાજેશભાઈ પણ અન્ય વોર્ડ સાથે સંકળાયેલા છે. સ્થાનિક કાર્યકરો કહે છે કે, "આપણા વોર્ડના સમર્પિત કાર્યકરોને અવગણીને બહારથી ઉમેદવારો લાવવામાં આવ્યા છે. સ્થાનિકોએ કહ્યું કે, ભાજપે બહારના ઉમેદવારને ટિકિટ આપીને અમારી ભાવનાઓનું મજાક બનાવ્યું છે. મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરોએ ઉધના ખાતે આવેલા ભાજપ કાર્યાલય પર ધસારો કર્યો હતો અને પરેશ પટેલને વિરોધ નોંધાવ્યો હતો. જવાબમાં પરેશ પટેલે કહ્યું કે, "લેખિતમાં આપો, અમે ઉપર જગદીશ વિશ્વકર્માને જાણ કરીશું."

## સુરત મહાનગરપાલિકા ચૂંટણી સંગ્રામ-2026

### વોર્ડ નંબર - 5 (ફુલપાડા-અશ્વિનીકુમાર)

# આ વોર્ડમાં આપ, ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર

આ વોર્ડ સુરતના જૂના વરાછા વિસ્તારનો ભાગ ગણાય છે, જ્યાં રહેણાંક અને નાના ઉદ્યોગોનું મિશ્રણ જોવા મળે છે. અગાઉ અહી ભાજપની એક તરફી જીત થતી હતી પરંતુ વર્ષ 2015માં પાટીદાર આંદોલનની આગથી ભાજપ દાજ્યુ અને ચારેય બેઠક પર હાર થઇ હતી. ત્યાર બાદ 2021માં પણ આ ટ્રેન્ડ યથાવત રહયો અને પાસના સહારે આપના ઉમેદવારો જીત્યા હતા. અહી 2021માં કુલ 91,929 મતદારો અને 93 બુથ હતી જોકે એસઆઇઆર બાદ નવી મતદાર યાદી મુજબ હવે આ વોર્ડમાં 58,464 મતદારો રહ્યા છે અને બુથની સંખ્યા 63 થઇ જવા પામી છે. વર્ષ 2021માં અહીથી આમ આદમી પાર્ટીના નિરાલી પટેલ, મનીષા કુકડીયા, કિરણ ખોખાણી, અશોક ધામી જીત્યા હતા. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 49,345 મતો મળ્યા હતા. જયારે આમ આદમી પાર્ટીના પહેલી વખત ચુંટણી લડનાર ઉમેદવારોને 72,839 મતો મળ્યા હતા. આમ બન્ને વચ્ચે 23,494 મતોનું અંતર હતું. જયારે કોંગ્રેસ ત્રીજા નંબરે રહી હતી. આ વખતે પણ ચૂંટણીમાં કયો પક્ષ કેટલા મત મેળવે છે અને કયો પક્ષ જીત મેળવે છે તે જોવું રહ્યું!

#### જાતિગત સમીકરણ અને વસ્તીનું માળખું

- વોર્ડ નં. 5 માં જ્ઞાતિગત સમીકરણો અન્ય વરાછાના વોર્ડ કરતા થોડા અલગ છે, અહીં વિવિધ જ્ઞાતિઓનું સંતુલન જોવા મળે છે.
- પ્રજાપતિ અને ઓબીસીઃ આ વોર્ડમાં પ્રજાપતિ સમાજની મોટી વસ્તી છે. આ ઉપરાંત અન્ય પછાત વર્ગના મતો પણ અહીં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.
- પાટીદાર સમાજઃ અશ્વિનીકુમાર અને ફૂલપાડાની સોસાયટીઓમાં સૌરાષ્ટ્રવાસી પાટીદારોની સંખ્યા નોંધપાત્ર છે, જેઓ હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે.
- મુળ સુરતીઓઃ આ વિસ્તારમાં વર્ષોથી સ્થાયી થયેલા સ્થાનિક સુરતી પરિવારોની સંખ્યા પણ વધુ છે, જેઓ પરંપરાગત મતદાન પદ્ધતિમાં માને છે.
- શ્રમિક વર્ગઃ હીરાના કારખાનાઓમાં કામ કરતા રત્નકલાકારો આ વોર્ડના સામાજિક માળખાનો મહત્વનો હિસ્સો છે.

#### રાજકીય સ્થિતિ અને મુખ્ય મુદ્દાઓ

- **ભાજપની મજબૂત પકડઃ** વરાછાના અન્ય વોર્ડની સરખામણીએ આ વોર્ડમાં ભાજપનું સંગઠન વધુ મજબૂત માનવામાં આવે છે. અહીં જૂના કાર્યકરોની ફોજ મોટી છે.
- **ત્રિપાંખિયો જંગઃ** 2021માં અહીં ભાજપ, અને આમ આદમી પાર્ટી વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. 'આપ' એ અહીં રત્નકલાકારોના મતો અંકે કરવા જોર લગાવ્યું હતું.

#### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદારોઃ 31013
સ્ત્રી મતદારોઃ 27450
કુલ મતદારોઃ 58,464

#### વોર્ડ 5 ની સમસ્યાઓ

અશ્વિનીકુમાર સ્મશાન પાસે કાયમ રહેતી ટ્રાફિકની સમસ્યા, ખાડી કિનારાના વિસ્તારોમાં સફાઈ અને દુર્ગંધનો પ્રશ્ન, જૂની ગલીઓમાં પેવર બ્લોક અને ડ્રેનેજની લાઈનોના મુદ્દાઓ મુખ્ય હતા. આ ઉપરાંત અહી મીલ હોવાથી હવાનુ પ્રદુષણ, રહેણાંક સોસાયટીઓમાં હીરાના યુનીટો સામે વિરોધ, વાંરવાર ઉભરાતી ગટર અને ગટરમાં આવતુ કેમિકલ યુકત પાણીની સમસ્યા તંત્રને હંફાવી રહી છે. આ ઉપરાંત નદી કીનારાનો વિસ્તાર હોવાથી તબેલા હોય રખડતા ઢોરની સમસ્યા પણ આ વોર્ડમાં માથાના દુ:ખાવા જેવી છે.

#### ભૌગોલિક સ્થિતિ

લંબેહનુમાન રોડ પર લંબેહનુમાન ગરનાળાથી ચાલુ કરી રોડની લંબેહનુમાન મંદિર તરફ પુર્વમાં બરોડા પ્રિસ્ટેઝ પાસેના લાભેશ્વર મંદિર સુધી તેમજ ઉતરમાં રેલ્વેના પાટા બાજુ ઉત્કલ નગર ત્યાથી પુર્વમાં ઘરતીનગર સ્પોર્ટ સંકુલ સુધી આ વોર્ડમાં એ.કે.રોડ. ઘરમ નગર રોડ, વલભાચાર્ય રોડ અને ફુલપાડા ગામતળ, મોદીમહોલ્લો આ વિસ્તારોનો સમાવેશ થાય છે.




# આપથી ભાજપમાં જનારા પક્ષપલ્ટુ લટક્યા, 12 પૈકી 1ને પણ ટિકીટ નહીં

**ભાજપે** જે તે સમયે સોદો તો કરી લીધો પણ હવે ટિકીટ આપવામાં તમામને પડતા મૂકી દીધા

સુરત : ભાજપ દ્વારા સુરત મનપાના જેટલા ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી તેમાં આપમાંથી પક્ષપલ્ટો કરીને ભાજપમાં આવેલા ભાવના સોલંકી, અલ્પેશ પટેલ, ઋતા ખેની, કનુ ગેડીયા, ધર્મેન્દ્ર વાવલીયા, ઘનશ્યામ મકવાણા, કિરણ ખોખાણી, કેકે ધામી, નિરાલી પટેલ, જ્યોતિકા પટેલ વિપુલ મોવલીયા અને સ્વાતિ કયાડા સહિતના 12 જેટલા પૂર્વ કોર્પોરેટરો પૈકી 1ને પણ ટિકીટ આપવામાં આવી નથી. તમામ પક્ષપલ્ટુઓ લટકી ગયા છે.

#### મનપાના ઈતિહાસમાં પ્રથમ વખત પૂર્વ મેયરને ટિકીટ

સુરતમાં મનપામાં ઈતિહાસમાં પ્રથમ વખત પહેલીવાર પ્રથમ નાગરિક ગણાતા મેયરપદનો હોદ્દો ભોગવી ગયેલા નગરસેવકને ટિકિટ અપાઇ છે. પૂર્વ મેયર દક્ષેશ માવાણીએ ટિકીટ માંગી ન હતી. પાર્ટી ટિકીટ આપશે તો લડીશ તેમ કહીને તેમણે દાવેદારી પણકરી નહોતી પરંતુ તેમના નામ સામે કોઈને જ વિરોધ નહોતો અને તે કારણે તેમને રિપીટ કરાયા છે. જોકે, હવે દક્ષેશ માવાણીને કોઈ હોદ્દો મળે છે કે કેમ?તે જોવું રહ્યું.

#### અલ્પેશ કથિરીયાની પત્ની કાવ્યાને વોર્ડ નં.3માથી ટિકીટ

પાસના આગેવાન અલ્પેશ કથિરીયાની પત્ની કાવ્યા અગાઉ સચીન-કનસાડ નગરપાલિકામાં નગરસેવક રહી ચૂકી છે. કાવ્યા પહેલેથી જ ભાજપમાં હતી અને હવે અલ્પેશ પણ ભાજપમાં જોડાયો છે ત્યારે કાવ્યાને ભાજપે વોર્ડ નં.3માથી ટિકીટ આપી છે.

#### 3 ટર્મ વાળા આ નગરસેવકો કપાયા

■ રાજુ જોળિયા ■ રાકેશ માળી ■ સોમનાથ મરાઠે ■ રોહિણી પાટીલ ■ પૂર્ણિમા દાવલે ■ રમીલાબેન પટેલ

#### 60 વર્ષ કે તેથી વધુ વાળા આ સિટિંગ નગરસેવકો કપાયા

■ રમીલા પટેલ ■ નાગર પટેલ ■ બંસુ યાદવ ■ વિક્રમ પાટીલ ■ કનુ પટેલ ■ કેતન મહેતા ■ સોનલ દેસાઇ ■ નરેશ ધામેલીયા ■ પરેશ પટેલ (ટિકીટ માંગી નહોતી) ■ બળવંતભાઇ પટેલ ■ કાંતાબેન વાકોડિકેર ■ વિનોદ પટેલ ■ શરદ પાટીલ

# ધારાસભ્ય કાનાણીના ઉગ્ર વિરોધથી ધાર્મિક માલવીયાએ દાવેદારી પડતી મૂકી

**પાર્લામેન્ટ્રી** બોર્ડની બેઠકમાં ધારાસભ્ય કાનાણીએ મોવડી મંડળને પરખાવ્યું કે, જો ભૂતકાળમાં ભાજપ સામે બેફામ વર્તન કરનારને ટિકીટ આપશો તો મને જવાબદારી આપશો નહીં

સુરતઃ સુરત મનપાના ઉમેદવારોની પસંદગીમાં ભાજપમાં ધારાસભ્ય કુમાર કાનાણીએ પાસમાંથી ભાજપમાં આવેલા પાટીદાર નેતાઓને ટિકિટ આપવા સામે મજબૂત વિરોધ નોંધાવાતા અલ્પેશ કે ધાર્મિકને ટિકીટ આપવામાં આવી નહોતી. જ્યારે અલ્પેશની પત્નીને ભાજપે ઉમેદવાર બનાવી હતી.

ભાજપનાં સૂત્રોના જણાવ્યાનુસાર, વર્ષ-૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ સામે લડનારા અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાને પક્ષમાં સામેલ કરતી વખતે મનપાની ચૂંટણીમાં ટિકિટનું 'લોલીપોપ' અપાઈ હોવાની ચર્ચા હતી. આ કથિત સમજૂતી મુજબ ધાર્મિક માલવિયાએ વોર્ડ નં.૨ (અમરોલી-મોટા વરાછા-કઠોર)માંથી અને અલ્પેશ કથીરિયાનાં પત્ની કાવ્યા કથીરિયાએ વોર્ડ નં.5માંથી ટિકિટ માંગી હતી. જો કે, પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકમાં જ્યારે આ નામો પર ચર્ચા ચાલી રહી હતી, ત્યારે ધારાસભ્ય કુમાર કાનાણીએ તેનો ઉગ્ર વિરોધ કર્યો હતો.

તેમણે પક્ષના મોવડીમંડળને એવું કહી દીધું હતું કે, જે લોકોએ ભૂતકાળમાં ભાજપ પરિવાર અને કાર્યકરો વિરુદ્ધ બેફામ વર્તન કર્યું છે, તેમને જો પક્ષ ટિકિટ આપીને કાર્યકરો પર ઠોકી બેસાડવા માંગતો હોય તો મને આ વોર્ડની કોઈ જવાબદારી સોંપશો નહીં. ધારાસભ્યના આકરા વિરોધને કારણે ધાર્મિક માલવિયાએ બપોર બાદ પોતાની દાવેદારી પરત ખેંચી લીધી હોવાની જાહેરાત કરી હતી. જ્યારે ભાજપે અલ્પેશ કથિરીયાના પત્ની કાવ્યા પહેલેથી જ ભાજપમાં નેતા હોવાથી તેને ટિકીટ આપી હતી.

### વોર્ડ નંબર - 6 (કતારગામ) :

# સૌરાષ્ટ્રવાસી વિસ્તારોમાં જીતતું આપ 2021માં આ વોર્ડમાં અટક્યું હતું

**છેલ્લી** ત્રણ ટર્મમાં ત્રણ મેયર આ વોર્ડમાંથી આવ્યા છેઃ 10 વર્ષમાં ભાજપને એક શહેર પ્રમુખ બે મહામંત્રી અને બે ઉપપ્રમુખ આ વોર્ડે આપ્યા

વોર્ડ-6 કતારગામ દાયકાઓથી ભાજપનો અત્યંત મજબૂત કિલ્લો રહ્યો છે. 2021માં સૌરાષ્ટ્રવાસી વિસ્તારોમાં આપના વાવાઝોડાને પણ આ જ વોર્ડથી અટકવુ પડયું હતું. અને અહીથી ભાજપના ચારેય ઉમેદવારો જીતી આવ્યા હતા જેમાંથી એક દક્ષેશ માવાણી મેયર રહી ચુકયા છે. તેની અગાઉ મેયર રહી ચુકેલા ડૉ.જગદીશ માવાણી અને મેયર તેમજ શહેર ભાજપ પ્રમુખ રહી ચુકેલા નિરંજન ઝાંઝમેરા આ વોર્ડમાંથી જ ચુંટાયા હતા. આમ આદમી પાર્ટીએ અહીં મજબૂત હાજરી નોંધાવીને બીજા ક્રમે સ્થાન મેળવ્યું હતું, જ્યારે કોંગ્રેસના ઉમેદવારો ત્રીજા ક્રમે ધકેલાઈ ગયા હતા. એસઆઈઆર બાદ હવે નવી મતદારયાદીમાં આ વોર્ડમાં 78,555 મતદારો રહ્યા છે અને બુથની સંખ્યા 84 છે. વર્ષ 2021માં અહીથી ભાજપના જયશ્રી વરીયા, સોનલ દેસાઈ, ઘનશ્યામ સવામી અને દક્ષેશ માવાણી જીત્યા હતા. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 98,853 મતો મળ્યા હતા. આપના પહેલી વખત ચુંટણી લડનાર ઉમેદવારોને 53,608 મતો મળ્યા હતા.

#### જ્ઞાતીજાતીના સમીકરણ અને વસ્તીનું માળખું

- કતારગામ એ સુરતનો પરંપરાગત મધ્યમ વર્ગ અને હીરા ઉદ્યોગ સાથે જોડાયેલો વિસ્તાર છે. અહીં જ્ઞાતિગત સમીકરણોમાં બે ત્રણ ચોક્કસ જ્ઞાતિઓનું વર્ચસ્વ જોવા મળે છે.
- પાટીદાર સમાજઃ આ વોર્ડમાં સૌરાષ્ટ્રવાસી અને સ્થાનિક પાટીદારોની મોટી વસ્તી છે. ખાસ કરીને રત્નકલાકારો અને હીરાના વેપારીઓ અહીં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.
- પ્રજાપતિ અને ઓબીસીઃ કતારગામના જૂના ગામતળ અને આસપાસના વિસ્તારોમાં પ્રજાપતિ સમાજ અને અન્ય પછાત વર્ગોના મતો નોંધપાત્ર છે.
- સ્થાનિક સુરતીઓઃ આ વોર્ડમાં વર્ષોથી સ્થાયી થયેલા સ્થાનિક સુરતી પરિવારોની સંખ્યા વધુ છે, જેઓ સામાજિક અને રાજકીય રીતે મજબૂત પકડ ધરાવે છે.
- જૈન અને બ્રાહ્મણ સમાજઃ અમુક વિસ્તારોમાં જૈન અને બ્રાહ્મણ મતો પણ હાર-જીતના માર્જિનમાં અસર કરે છે.

#### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદારોઃ 40830
સ્ત્રી મતદારોઃ 37724
કુલ મતદારોઃ 78,555

#### વોર્ડની મુખ્ય સમસ્યાઓ

વર્ષ 2021 માં અહીં આમ આદમી પાર્ટીએ પાટીદાર ફેક્ટર અને રત્નકલાકારોની આર્થિક સમસ્યાઓને મુદ્દો બનાવીને ભાજપને સીધી ટક્કર આપી હતી. જો કે કતારગામ મેઈન રોડ પર ટ્રાફિકની સમસ્યા, ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં પાર્કિંગનો અભાવ, જૂની ડ્રેનેજ લાઈનોનું નવીનીકરણ, રસ્તા પર ભરાતી માર્કેટ જેમાં ખાસ કરીને પારસ માર્કેટ, આશ્રમ ચાર રસ્તા પાસેના દબાણો, પીપલ્સ ચાર રસ્તા પાસેના દબાણો, લાલદરવાજા પાસેના દબાણો, ધનમોરા ચાર રસ્તાના દબાણો લોકો માટે માથાનો દુઃખાવો છે. આ ઉપરાંત જીઆઈડીસી વિસ્તાર પણ આ વોર્ડમાં આવતો હોવાથી સફાઇ અને કચરાના નિકાલની સમસ્યા પણ અહી તંત્ર માટે માથાનો દુઃખાવો છે.

#### ભૌગોલિક સ્થિતિ

દક્ષીણે પારસ માર્કેટની ઉતર દીશામાં ગાયત્રી સોસાયટી પ્રજાપતિ સમાજની વાડીથી લઇને કતારગામ સીંગણપોર રોડ પાર કરી રાશી સર્કલવાળા રસ્તાની દક્ષીણ તરફનો સમગ્ર ભાગ અને પુર્વમાં સુમુલડેરી રોડની પશ્ચિમે કતારગામ રોડ પાર કરી ધનમોરાથી ચીકુવાડી રોડ થઇને પારસ પારસ માર્કેટ સુધી આ વોર્ડમાં સહજાનંદ, હરી હરી, અંબિકા નગર, ગાયત્રી સોસાયટી, વિશાલ નગર, રંગનગર, જેરામ મોરારની વાડી, વસ્તાદેવડી રોડ, ગોતાલાવાડી, નંદુ ડોશીની વાડી, સુમલડેરી રોડને લાગુ સોસાયટીઓ કતારગામ ગામતળ વગેરે વિસ્તારનો સમાવેશ થાય છે.

